# પાલનપુરના મીની અંબિકા નગરમાં સોસાયટીના રસ્તા પર દબાણ કરી દેવાતા રહીશોમાં રોષ...

## પાંચ દબાણદારો સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ મુજબ કાર્યવાહી કરવાની ઉગ્ર માંગ

પાલનપુર તા.૮

પાલનપુરમાં મીની અંબિકા નગર માં આવેલ એક સોસાયટીના જાહેર માર્ગ પર આ વિસ્તારમાં રહેતા માથાભારે ઈસમોએ દીવાલ તેમજ ફેન્સીગ વાડ ઊભી કરીને દબાણ કરી દેતા સોસાયટીના રહીશો રોષે ભરાયા છે જોકે આ દબાણદાર નું દબાણ દૂર કરી રસ્તો ખુલ્લો કરાવવા પાલીકામાં રજૂઆતો કરવા છતાં દબાણ દૂર કરવામાં ન આવતા આખરે રહીશોએ દબાણ મામલે કલેકટરને આવેદનપત્ર પાઠવી દબાણ દારો સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ મુજબ કાર્યવાહી કરવાની માંગ કરી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

પાલનપુરના મીની અંબિકા નગરમાં આવેલ અંજલિ સોસાયટીના જાહેર રસ્તા પર આ વિસ્તારમાં આવેલ બ્રહ્માણી નગર સામેના ખેતરમાં રહેતા ભગવાનભાઈ કરનશનભાઈ પટેલ (મેડાત), દેવચંદભાઈ કરનશનભાઈ પટેલ (મેડાત), શાંતિભાઈ કરનશનભાઈ પટેલ (મેડાત), ભાઈચંદભાઈ કરનશનભાઈ પટેલ (મેડાત) અને શંકરભાઈ દલાભાઈ પટેલ (મેડાત) નામના ઈસમોએ પોતાની જમીન બિન ખેતી કરી નગરપાલીકાની પરવાનગી વગર સોસાયટીના રસ્તા પર આરસીસી દીવાલ ઊભી કર્યા બાદ ફરી દશ ફૂટ જગ્યાનું દબાણ કરી ફેન્સિંગ વાડ ઊભી કરતા આ સોસાયટી ના મુખ્ય રસ્તા પર દબાણને લઈ રહીશોને અવર જવરમાં મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે.

જોકે આ દબાણ મામલે અગાઉ નગર પાલીકામાં રજૂઆતો કરવા છતાં દબાણ દૂર કરવા ના આવતા રહીશો દ્વારા જિલ્લા કલેકટરને આ દબાણ મામલે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું જેમાં જાહેર રસ્તો પચાવી પાડવા દબાણ કરનાર પાંચ માથાભારે દબાણદાર સામે ઘ ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એક્ટ મુજબ કાયદેસર કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

# સન્ડે ટ્રાફીક ડ્રાઈવ - સાબરકાંઠામાં રજાના દિવસે ૭૪ વાહન ચાલકો દંડાયા, ૯ વાહન ડીટેઈન

## રજાના દિવસે ડ્રીંક પાર્ટી કરી વાહન હંકારતાં ૫ ને ટ્રાફીક પોલીસે ઝડપ્યા




બાયડ, તા.૦૮

માર્ગ સલામતી માટે સાબરકાંઠા ટ્રાફીક પોલીસ દ્વારા ડ્રાઈવ શરુ કરવામાં આવી છે. રવિવારે હાઈવે માર્ગો ઉપર પોલીસે સરકારી વાહન સાથે સ્ટેન્ડ-ટુ રહી ટ્રાફીકના નિયમોનો ભંગ કરનારાઓને દંડ ફટકાર્યો હતો તેમજ ૯ વાહન ડીટેઈન અને ડ્રીંક પાર્ટી કરી નશામય હાલતમાં વાહન હંકારનારા ૫ વાહન ચાલકો પોલીસની ઝપટે આવી ગયા હતા. ટ્રાફીક પોલીસ દ્વારા દિવસ દરમ્યાન ટ્રાફીક ડ્રાઈવ અંતર્ગત ૭૪ વાહન ચાલકોને એન.સી. આપી રુ ૧૨,૫૦૦નો દંડ વસુલવામાં આવ્યો છે.

અમદાવાદના ગોઝારા અકસ્માત પછી ટ્રાફીક પોલીસ દ્વારા વધુ ધોંસ બોલાવી હાઈવે માર્ગો ઉપર ટ્રાફીકના નિયમોનો ભંગ કરનારા વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી શરુ કરવામાં આવી છે. માર્ગો ઉપર પૂરઝડપે વાહન હંકારી જીવનું જોખમ ઉભું કરનારા વાહન ચાલકો પોલીસના હાથે દંડાઈ રહ્યા છે. જિલ્લામાં પોલીસ દ્વારા ટ્રાફીક ડ્રાઈવ શરુ કરવામાં આવતાં દૂરથી ટ્રાફીક પોલીસનું વાહન જોઈ નિયમ ભંગ કરનાર વાહન ચાલકોને રસ્તા બદલવાની ફરજ પડી છે. રવિવારે નશામય હાલતમાં વાહન હંકારવાના કારણે સર્જાતા અકસ્માતો રોકવા માટે સાબરકાંઠા ટ્રાફીક પોલીસ દ્વારા હાઈવે માર્ગો ઉપર ઠેકઠેકાણે ડ્રાઈવ ગોઠવવામાં આવી હતી જેમાં અનેક વાહન ચાલકો ઝપટમાં આવી ગયા હતા. હાઈવે ઉપર ટ્રાફીક પોલીસે રવિવારે વોચ ગોઠવી હતી. જેમાં પૂરપાટ ઝડપે વાહન હંકારનારા ૯ વાહન ચાલકોનાં વાહન ડીટેઈન કરવામાં આવ્યાં હતાં જ્યારે ૫ વાહન ચાલકો તપાસ દરમ્યાન નશામય હાલતમાં જણાતાં દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે. જ્યારે ટ્રાફીક પોલીસ દ્વારા ૭૪ એન.સી. અને ૨૫ વાહન ચાલકો પાસે સ્થળ ઉપર પાવતી સ્વરુપે દંડ વસુલવામાં આવતાં નિયમ ભંગ કરનારા વાહન ચાલકો રસ્તામાં પોલીસનું વાહન જોઈ રસ્તા બદલવા માટે મજબૂર બન્યા હતા.

# પાલનપુરની જવેલર્સની દુકાનમાં મહિલાની નજર ચૂકવી રૂપિયા ૧.૧૦ લાખના સોનાના બે પાટલાની ચોરી...

## મહિલા જુના દાગીના આપી નવા દાગીના બનાવવા માટે ગઈ હતી

પાલનપુર તા.૮

પાલનપુર બિહારી બાગ આવકાર સોસાયટીમાં રહેતા મહિલા તેણીની સાસુ સાથે પાલનપુર ઢાળવાસમાં જુના દાગીનાની જગ્યાએ નવા દાગીના બનાવવા માટે ગયા હતા. દરમિયાન બે મહિલાઓ તેમની નજર ચૂકવી થેલીમાં રાખેલા રૂપિયા ૧.૧૦ લાખના સોનાના બે પાટલાની ચોરી કરીને લઈ ગઈ હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતભાઈ કે. જોષી પાલનપુર નો અહેવાલ વધુમાં જણાવે છે કે,પાલનપુર બિહારીબાગ પાસે આવકાર સોસાયટીમાં રહેતા વર્ષાબેન મનીષભાઈ મકવાણા અને તેમના સાસુ રાજીબેન ઢાળવાસમાં આવેલા જ્વેલર્સની દુકાનમાં ચાંદીની તોડીઓ બદલવા તેમજ સોનાના પાટલામાંથી સોનાની બંગડીઓ કરાવવા માટે બેઠા હતા. ત્યારે બાજુમાં બેઠેલી ૨ અજાણી મહિલાઓએ તેમની નજર ચૂકવી થેલીમાં પડેલા રૂપિયા ૧,૧૦,૦૦૦ના સોનાના બે પાટલાની ચોરી કરીને લઈ ગઈ હતી. આ અંગે મનીષભાઈ દલપતભાઈ મકવાણાએ પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. મનીષભાઈ મકવાણાએ જ્વેલર્સની દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ જોતા ચોરી કરનાર બે મહિલાઓ તેમાં જણાઈ આવી હતી. જેમણે પંજાબી ડ્રેસ અને સાડી પહેરેલી છે. ઉંમર ૨૫ થી ૩૦ વર્ષની છે.

## પ્રાંતિજમાંથી બીજા ત્રણ ડેન્ગ્યુના કેસો મળી આવ્યા

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ મા ડેન્ગ્યુ એ માથુ ઉચકયુ હોય તેમ પ્રાંતિજ મા પહેલા બે કેસો અને ફરી પ્રાંતિજ માંથી ડેન્ગ્યુ ના ત્રણ કેસો મળી આવતા પ્રાંતિજ અર્બન હેલ્થ સેન્ટર ના અધિકારી સ્ટાફ ફરી દોડતો થયો છે. પ્રાંતિજ સહિત તાલુકામા ચોમાસાને લઈ મચ્છરજન્ય સહિતના રોગોએ માથુ ઉચકયુ છે અને ખાનગી તથા સરકારી દવાખાનાઓ દર્દીઓથી ઉભરાય રહ્યા છે ત્યારે હાલમા ડેન્ગ્યુ સહિતના દર્દીઓ ખાનગી અને સરકારી દવાખાનામા વધુ જોવા મળે છે ત્યારે પ્રાંતિજ માંથી અઠવાડીયા પહેલા ડેન્ગ્યુ ના બે કેસો મળ્યા બાદ ફરી પ્રાંતિજ માંથી ડેન્ગ્યુ ના ત્રણ કેસ મળી આવતા નગરજનો મા ભંય નો માહોલ જોવા મળ્યો છે ત્યારે હાલતો એક પછી એક ડેન્ગ્યુ ના કેસો મળી આવતા નગરજનો ભયભીત જોવા મળે છે ત્યારે એક પછી એક ડેન્ગ્યુ ના કેસો મળી આવતા જવાબદાર તંત્ર પણ દોડતુ થયુ છે તો તંત્ર દ્વારા લોકોને સાવચેત પણ કરવામા આવ્યા છે તો પ્રાંતિજ નગરપાલિકા દ્વારા ફોગીંગ મશીન દ્વારા નગરના વિવિધ વિસ્તારો મા ફોગીંગ કરવામા આવે તથા મચ્છરજન્ય દવાનો છટાવ કરવામા આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે

# એજ્યુફન ફાઉન્ડેશનના નિમંત્રણ હેઠળ દિવ્યાંગોને નિ:શુલ્ક સાધન સામગ્રીના કેમ્પનું આયોજન



ધાનેરા તા.૮

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ નવી દિલ્હી દ્વારા એજ્યુફન ફાઉન્ડેશનના નિમંત્રણ હેઠળ એ.ડી.આઈ.પી.યોજના અંતર્ગત દિવ્યાંગ વ્યક્તિઓની નિ:શુલ્ક સાધન સહાય વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, જેમાં ધાનેરા તાલુકામાંથી મોટી સંખ્યામાં દિવ્યાંગ સ્ત્રી પુરુષ બાળકો સામેલ થયા હતા. સામેલ થયેલ દિવ્યાંગ લોકોને વ્હીલ સાયકલ તેમજ હાથ -પગ ના સ્ટેકચર જેવા સાધનો અપાયા હતા. એમાં ૪૦ જેટલી વીલ સાયકલો આપી હતી .આ પ્રસંગે ધાનેરા અધિકારી શ્રી ચરણસિંહ ગોહિલ ધાનેરા મામલતદાર શ્રી મોડસિંગ રાજપુત ધાનેરા પીઆઈ શ્રી એ.ટી.પટેલ ઓસ્વાલ ભવન ટ્રસ્ટી હીરાલાલ શાહ બનાસકાંઠા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી મનીષભાઈ જોશી વગેરે ઉપસ્થિત રહી દિવ્યાંગોને તિલક કરી સાધન સામગ્રી આપવામાં આવી હતી. આ પ્રસંગે જૈન સાધ્વી મહારાજ સાહેબ શ્રી એ પણ લોકોને મનુષ્ય પ્રત્યે એકબીજાને મદદરૂપ થવાની હાકલ કરી હતી અને આ સેવાભાવી સંસ્થાને માનવ સેવાની કામગીરી બાબત ધન્યવાદ પાઠવ્યા હતા.

# સૃષ્ટીના જીવ ઉપર ખતરાની ઘંટડી....!!!!



બાયડ, તા.૮

ધરતી પરની જીવસૃષ્ટીમાં મનુષ્યને સૌથી વધુ બુદ્ધિશાળી ગણવામાં આવ્યો છે પરંતુ તેના દ્વારા કુદરતને આંબવાના થઈ રહેલા પ્રયાસમાં સમગ્ર જીવસૃષ્ટી સામે જોખમ ઉભું થયું છે. જ્યારે પંખીઓ ચણ ખાયને પોતાનું જીવન ગુજારતા હોય છે પરંતુ કાળા માથાના માનવીએ પંખીઓની આત્મનિર્ભરતા ઉપર તરાપ મારી રોજ સવાર પડે સેવનો ખોરાક પીરસીને પુણ્યનું ભાથું બાંધવાના અધિક શ્રાવણ માસમાં પ્રયાસ કર્યા છે પરંતુ ચણાના દાળની સેવ કાબર જેવા પંખીઓ માટે જીવનું જોખમ બની શકે છે. પરંતુ બુદ્ધિશાળી મનુષ્યને આ બધું સમજાવે કોણ..??

# Laptop ભાડું વિવાદ : બેંક કર્મીએ મહિલા કંડકટર પાસે બળજબરી પૂર્વક લેપટોપની ટિકિટ લેવડાવી અને પાછળથી વિવાદ ઉભો કર્યો

**અંતોલી-અમદાવાદ ST બસમાં મોડાસાની મહિલા કંડકટર પાસે સામેથી લેપટોપની ૮૮ રૂપિયા ટિકિટ લીધા બાદ સોશ્યલ મીડિયામાં પોસ્ટ કરી લોકોને ગોઠે ચઢાવ્યા : રાજ્યમાં દિવસ ભર ચર્ચિત મુદ્દા પર બેંક કર્મીએ ગેરસમજ થઇ ગઈ જવા દો કહ્યું... મહિલા કંડકટરે માફી માંગી સમગ્ર પ્રકરણ પર પડદો પાડ્યો**



મોડાસા, તા. ૮

અંતોલી-અમદાવાદની જી બસમાં મોડાસાના બેંક કર્મી લેપટોપ સાથે મુસાફરી કરી રહ્યા હતા બસ રોઝડ ગામ નજીક પહોંચી ત્યારે બેંક કર્મીએ મહિલા કંડકટર પાસે બળજબરી પૂર્વક લેપટોપની ટિકિટ લીધી ત્યારબાદ લેપટોપ ભાડા અંગેનો પરિપત્ર માંગણી કર્યા બાદ બંને વચ્ચે બહસ થઈ હતી ત્યાર બાદ યુવકે ફેસબુક પર લેપટોપનું ૮૮ રૂપિયા ભાડું મહિલા કંડકટરે લેવા અંગે અને મહિલા કંડકટરે બેહુદુ વર્તન કર્યું હોવાની પોસ્ટ વાયરલ થતા સમગ્ર મામલો સોશ્યલ મીડિયા અને મીડિયામાં ચમકયો હતો આખો દિવસ ગરમ રહેલો મામલો સાંજે બંનેની ભૂલ સમજતા ગેરસમજના નામે સમગ્ર મામલા પર ઠંડુ પાણી રેડી દીધું હતું. મોડાસા અમદાવાદ જતી બસમાં કંડકટરે બેંક કર્મચારી પાસેથી બસમાં લેપટોપ વાપરવા બદલ ૮૮ રૂપિયા ભાડું લીધું હોવાની પોસ્ટ થી સમગ્ર દિવસ દરમિયાન લેપટોપનું ભાડું કાયદેસર કે ગેરકાયદેસર લીધું હોવાની ચર્ચા ચાલી હતી સમગ્ર પ્રકરણમાં એસટી તંત્ર અને મહિલા કંડકટરના માથે માછલાં ધોવાયા હતા મોડાસા એસટી ડેપો મેનેજરે સમગ્ર મામલો ગંભીરતા પૂર્વક લીધો હતો બેંક કર્મી પણ એસટી ડેપોમાં પહોંચ્યા બાદ મહિલા કંડકટર અને બેંક કર્મી વચ્ચે સમાધાન થયું હતું ત્યારે બેંક કર્મીએ મહિલા કંડકટર લેપટોપનું ભાડું વસૂલવા ના પાડતી હોવા છતાં બળજબરી પૂર્વક લેપટોપની ૮૮ રૂપિયા ટિકિટ લેવડાવ્યા બાદ જાણે અહમ ઘવાયો હોય તેમ સોશ્યલ મીડિયામાં પોસ્ટ કરી વિવાદ સર્જનાર બેંક કર્મી સામે અનેક સવાલ પેદા થયા હતા અને બેંક કર્મીના લીધે મહિલા કંડકટરને અનેક સવાલોના જવાબ આપવાની નોબત આવી હતી સમગ્ર વિવાદ અંગે બેંક કર્મી સોશ્યલ મીડિયા મારફતે ચમકવા માંગતો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે

# ડીસાના વાસણા-જુનાડીસા ગામેથી પસાર થતી બનાસ નદીમાં યુવાન ડૂબ્યો

## સ્થાનિક તરવૈયાઓ અને તંત્ર દ્વારા શોધખોળ હાથ ધરાઈ



ડીસા, તા. ૮

રાજસ્થાનના ઉપરવાસમાં ભારે વરસાદના પગલે જિલ્લાની જીવાદોરી સમાન દાંતીવાડા ડેમ ભરાયો છે. જેથી રુલ લેવલ જાળવી ડેમના દરવાજા ખોલી બનાસ નદીમાં પાણી છોડવામાં આવ્યું છે.પરંતુ વહીવટી તંત્રની અપીલ છતાં લોકો નદીમાં ન્હાવા ઉતરે છે. ત્યારે વાસણા -જુનાડીસા ગામની નદીમાં ન્હાવા ઉતરેલા યુવક ડૂબી જતાં સ્થાનિક તરવૈયાઓની મદદથી તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. સતત બીજા વર્ષે લોકમાતા બનાસ નદીમાં પાણી છોડવામાં આવતા લોકો વહેતી નદીનો નજારો નિરખવા મોટી સંખ્યામાં નદીના પટમાં ઉમટી રહ્યા છે.જો કે શરુઆતમાં નદીની રેતના ખનનથી પડેલ કોતરોથી લોકો નદીમાં ઉતરતા નહતા પણ હવે પાણીનો આવરો ઓછો થતા ઠેરઠેર લોકો નદીમાં ન્હાવાની મોજ માણી રહ્યા છે.ત્યારે આજે વાસણા-જુનાડીસા ગામનો ૧૮ વર્ષીય યુવાન શૈલેષભાઈ જીવણભાઈ કટારીયા (પટણી) ગામની ફેકટરી ક્વોરીવાળા રસ્તા ઉપર વહેતી નદીમાં ન્હાવા પડ્યો હતો પરંતુ ડૂબાઈ જતા લોકોનાં ટોળેટોળા ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જેમાં ગામના સરપંચ અને આગેવાનો દ્વારા સ્થાનિક તરવૈયાઓની મદદથી શોધખોળ હાથ ધરવામાં આવી હતી અને આ બાબતની જાણ વહીવટી તંત્રને પણ કરવામાં આવી હતી.તેથી તંત્ર દ્વારા પણ પાણીમાં યુવાનની શોધખોળ શરૂ કરવામાં આવી છે. અગાઉ બનાસ નદીમાં ભડથના ડૂબેલા યુવાનની લાશ મળી આવી નથી ત્યાં હવે બીજી ઘટના બનતા સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ છે.

# જ્ઞાન સહાયક યોજના અમલી બનશે ત્યારે પ્રવાસી શિક્ષકોની નિયુક્તિ રદ

## જિલ્લાની અનુદાનિત શાળાઓમાં ૫૬૧ પ્રવાસી શિક્ષક ભરતીની મંજૂરી : શિક્ષકોની ઘટ દૂર થતાં અન્ય સ્ટાફને રાહત

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની સરકારી, ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. શાળાઓમાં ૫૬૧ પ્રવાસી શિક્ષક ભરતી માટે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા મંજૂરી અપાતાં હવે જ્યાં શિક્ષકોની ઘટ છે તેવી શાળાઓમાં અન્ય સ્ટાફને વર્ગલોડના ભારણમાં રાહત થશે. જ્યારે જ્ઞાન સહાયક યોજના અમલી બનશે ત્યારે આપોઆપ પ્રવાસી શિક્ષકોની નિયુક્તિ રદ થઈ જશે તેમ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

**કેટલા પ્રવાસી શિક્ષકોની મંજૂરી**

| જિલ્લો | સંખ્યા |
|---|---|
| સાબરકાંઠા | ૧૭૦ |
| અરવલ્લી | ૩૯૧ |

પ્રાપ્ત જાણકારી અનુસાર ગત તા.૫ જૂન-૨૦૨૩ થી નવું શૈક્ષણિક સત્ર શરુ થયું અને ૨ મહિના સુધી પ્રવાસી શિક્ષકોની ભરતી ન કરાતાં જિલ્લાની ૪૨૭ થી વધુ શાળાઓમાં શિક્ષકોની ઘટના કારણે અનેક શાળાઓમાં વર્ગો ભેગા બેસાડવાની સાથે અન્ય વિષય શિક્ષકો ઉપર વર્ગલોડનું ભારણ વધી ગયું હતું. પરંતુ રાજ્યના શિક્ષણ વિભાગે જ્ઞાન સહાયકોની ભરતી કરવાની હોવાથી પ્રવાસી શિક્ષકોની નિયુક્તિ માટે મંજૂરી આપી ન હતી અને જ્ઞાન સહાયકોની ભરતીનો મુદ્દો અટવાતાં શાળા સંચાલકો અને આચાર્ય સંઘે શિક્ષણ વિભાગ સામે બાંયો ચઢાવી આંદોલનનો જંગ શરુ કર્યો હતો ત્યારબાદ શિક્ષણ વિભાગે જ્યાં સુધી જ્ઞાન સહાયકોની ભરતી ન થાય ત્યાં સુધી પ્રવાસી શિક્ષકોની સેવા લેવા માટે મંજૂરી આપતાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકામાં હવે પ્રવાસી શિક્ષકોની સેવા શાળાઓને મળતાં ખાસ કરીને ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષા આપનારા છાત્રો અને તેમના વાલીઓએ રાહત અનુભવી છે.

# ડીસા કોર્ટમાં નિદોષ છુટકારો




ડીસા, તા. ૮

સને (૨૦૧૬) માં ધરપડા ગામના રહીશ ચમનજી ગેમરજી ઠાકોર ના કહેવાતા ઘર/ખેતર ઉપર દરોડો પાડી તત્કાલીન પી.આઈ. શ્રી પાઠક સાહેબે ચમનજી નાં ખેતરના સેઢા ઉપર ગાંજા નું વાવેતર કરેલ છે અને સુકા ગાંજા ના ભારા તેમના ઘર પાછળ પડેલ છે તે મતલબે રેડની કાર્યવાહી કરી તુલસીભાઈ હેડકોન્સ્ટેબલ પાસે ફરીયાદ દાખલ કરાવેલ. સદરહુ કેસમાં ચાર્જશીટ થતાં એન.ડી.પી.એસ. કેશ નં. ૧/૨૦૧૬ પડેલા જાણવા મળેલ છે કે તે કેસ ચાર પાંચ મા. અધિક સેસન્સ જજસાહેબોની કોર્ટમાં ચાલેલ છેવટે નાં એડી. સેસન્સ જજ ઝાલા સાહેબની કોર્ટમાં ફાઈનલ દલીલો થયેલ. ના. એડી.સેસન્સ જજ શ્રી ઝાલા સાહેબે ફરીયાદ પક્ષ દ્વારા તપાસેલ સાક્ષીએ દસ્તાવેજ પુરાવા અને આરોપી શ્રી ચમનજી નાં વકીલ શ્રી બી.ડી. ખત્રીની દલીલો સાંભળી તેમના દ્વારા રજુ કરવામાં આવેલ પૂર્વ નિર્ણયોને ધ્યાનમાં લઈ આરોપી ચમનજી ગેમરજી ઠાકોર ને તા. ૦૪/૦૮/૨૦૨૩ ના રોજ નિદોષ ઠરાવી છોડી મૂકવા આદેશ કરેલ છે.

# ડીસાની શાળાઓમાં ટ્રાફીક નિયમનની જાગૃતિ ઝુંબેશ



ડીસા, તા. ૮

વાહનોની સંખ્યા વધી રહી છે પણ ટ્રાફિકના નિયમોનું ચોક્કસ પાલન ન થતા અકસ્માતોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. ત્યારે વિદ્યાર્થીઓમાં ટ્રાફિકના નિયમો અંગે જાગૃતતા કેળવાય તે હેતુથી ડીસા ટ્રાફિક પોલીસ દ્વારા અલગ અલગ શાળાઓમાં જઈ વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમો અંગે જાણકારી આપવામાં આવી રહી છે. તેમજ વિદ્યાર્થીઓને લાઈસન્સ વગર ટુવિલર ન ચલાવવા માટે પણ પોલીસ દ્વારા સલાહ આપવામાં આવી હતી. અત્યારે ટ્રાફિક પોલીસ દ્વારા શાળાઓમાં જઈ વિદ્યાર્થીઓને સમજાવ્યા બાદ ટ્રાફિક ઝુંબેશ હાથ ધરવામાં આવશે. જેમાં કોઈપણ વિદ્યાર્થી કે અન્ય કોઈ વ્યક્તિ લાયસન્સ વગર વાહન ચલાવતો ઝડપાશે તો તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સાથે જ ટ્રાફિકના નિયમોનું પાલન કરી વધતા જતા અકસ્માતો અટકાવવા અને પોલીસને સહકાર આપવા ટ્રાફિક પોલીસના જવાનોએ વિદ્યાર્થીઓ સહિત લોકોને અપીલ કરી છે.